H.C.Cris.Civil,P.P.13,14,Circular No.30 Edition 1903 Civil A 27g.

પ્રોસી. તરફની સાહેદી નંબર– ૧૩ ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરી કહું છું કે–

મારૂ નામ :– હકીમાબાઈ પિતા/પતિનુ નામ :– ઓસમાણ સમા

ધંધો :– ઘરકામ

ઉમર (આશરે) વર્ષ :– ૪૮

રહેવાનુ ગામ:– મોટા(ખાવડા) તા. ભુજ જીલ્લો : કચ્છ

**સોગંદ આપ્યા.**

**<u>સરતપાસ વિ.એ.પી.પી.શ્રી પી.વી. વાણીયા</u>**

1. મને સંતાનમાં બે દીકરા અને ચાર છોકરી છે જેમાં એકનું નામ સોહેબ અને બીજાનું નામ ઈરફાન છે. બનાવ બપોરના એકાદ વાગ્યે અમારા ઘરની બાજુમાં બાવળના ઝાડ પાસે તા. ૨૪.૦૫ ના બનેલો. હું કુવા પર ગયેલ હતી. મારા ઘરની બાજુમાં ગાળાગાળી અને રાડારાડ થતાં હું તે બાજુ ગયેલી અને જોયેલ તો અલ્તાફે સોહેબને છરી મારેલી અને અસલમે સોહેબને પકડી રાખેલ હતો. સોહેબને છાતીના ભાગે ડાબી બાજુ લાગેલ હતું અને રાડારાડનો અવાજ થતાં મારા ફળીયામાં રહેતા માણસો ત્યાં આવી ગયેલા. અલ્તાફ અને અસલમ મોટરસાઈકલ લઈને ભાગી ગયેલા. અમારા ફળીયાના અલાના જાકબ, અબુબકર જાકબ, જબાર અલાના, સાધક હારુન વિગેરે જણા આવેલ હતા. મારા દીકરા સોહેબને ઉપાડીને અમારા ઘરની ઓસરીમાં રાખેલ હતો. અમારા ગામના મુસ્તાકના છકડામાં મારા દીકરા સોહેબને ખાવડા સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલા. દવાખાનામાં ડોકટર સાહેબે પુછા કરતા ડોકટરને મેં જણાવેલ કે સોહેબને અલ્તાફે છરી મારેલ છે. મારા દીકરા સોહેબને ડોકટરે સારવાર કરેલ અને સારવાર દરમ્યાન સોહેબ ગુજરી ગયેલ

---

**સાહેદની સહી**

છે તેવું જણાવેલું. મારા દીકરાની અંતિમ વિધિ કરેલી.

2. મારા સસરાનું નામ હુસેનભાઈ છે જે આંખે દેખતા નથી અને અંધ છે. જેનો મોબાઈલ ખોવાઈ ગયેલ હતો. અને જેથી સોહેબના દાદા હુસેનભાઈએ આ ફોનમાં રીંગ કરવાનું કહેલું જેથી રીંગ કરેલી અને અલ્તાફ અને અસલમની બહેન આ ફોન ઉપાડેલો અને આ ફોન આ બન્ને અલ્તાફ અને અસલમે જોયેલ જેથી તેઓ અમારા ઘર પાસે જે બાવળ આવેલ છે ત્યાં પહોંચી આવેલ. આ લોકોને રશીદા પાસે ફોન વાગેલ હોઈ જેથી તેઓને શક ગયેલો જેથી તેઓ આવેલા અને હાલનો આ બનાવ બનેલો. પોલીસે મી પુછપરછ કરેલી. આ કામના આરોપીઓ ના.કોર્ટમાં હાજર છે જેને સાહેદ આંગળી ચીંધીને ઓળખી બતાવે છે. મને છરી બતાવવામાં આવે તો તે હું જોયેથી ઓળખી શકું. મને મુદામાલ આર્ટી.૧૧ વાળી છરી બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે જે બનાવ સમયે અલ્તાફના હાથમાં હતી તે જ છે. બનાવના દીવસે અલ્તાફે કાળા કલરના કપડા પહેરેલ હતા અને અસલમે પીળા કલરના કપડા પહેરેલ હતા. આ કપડા પઠાણી હતા. મારા મરણ જનાર દીકરા સોહેબે પણ કાળા કલરના પઠાણી કપડા પહેરેલ હતા. મને અલ્તાફ તથા અસલમના બનાવ સમયે પહેરેલ કપડા બતાવવામાં આવે તો હું ઓળખી શકું. મને મુદામાલ આર્ટી. ૦૯ અને ૧૦ વાળા કપડા બતાવવામાં આવે છે તે જોઈને જણાવું છું કે તે બનાવ સમયે આરોપીઓએ પહેરેલ હતા તે જ છે.

**સરતપાસ પૂરી.**

**<u>ઉલટ તપાસ :– આરોપીઓ તરફે વિ.વ.શ્રી ડી.વી.ગઢવી.</u>**

3. એ વાત ખરી છે કે હું જે જગ્યાએ પાણી ભરવા ગયેલી તે ખારી વાવ તળાવની

અંદર આવેલ છે. એ વાત ખરી નથી કે ળાવની ચારે બાજુ પાળો આવેલ છે. એ વાત ખરી નથી કે તે પાળો અંદાજે દસેક ફુટ ઉંચો આવેલ છે. એ વાત ખરી નથી કે ખારી વાવ તરફથી અમારા ઘર તરફ આવીએ તો વચ્ચે રસ્તો આવે છે. એ વાત ખરી છે કે અમારા ફળીયામાં અબ્દુલ કરીમ ઓસમાણ સમાનું કુટુંબ આવેલ છે જેમાં અંદાજે ૧૫ થી ૨૦ માણસો આવેલ છે. તેમનું એક જ મકાન આવેલ છે. એ વાત ખરી છે કે અમારા ઘરની બાજુમાં જ અબ્દુલ કરીમ ઓસમાણ સમાનું રહેણાંકનું મકાન આવેલ છે.

4. એ વાત ખરી નથી કે અબ્દુલ કરીમ ઓસમાણ સમાના ઘરની બાજુમાં અબ્દુલ હાજી કાસમ સમાનું રહેણાંકનું મકાન આવેલ છે. એ વાતની મને ખબર નથી કે તેના પરીવારમાં આશરે દસેક માણસો આવેલ છે કે કેમ.

5. એ વાત ખરી છે કે હું અલાના જાકબ મતારા સમાને ઓળખું છું. એ વાત ખરી છે કે તેના આઠ છોકરા અને બે છોકરીઓ છે. એ વાત ખરી છે કે તેમનો ૧૫ થી ૨૦ માણસોનો કુટુંબ છે. એ વાત ખરી છે કે ખારી વાવ પરથી પાણી ભરીને હું મારા ઘરે આવું તો અલાના જાકબ મતારાના ઘર પાસેથી નીકળવું પડે.

6. એ વાત ખરી નથી કે ખારી વાવ પરથી મારા ઘરે પાણી ભરીને આવું તો વચ્ચે અમારા ગામની આંગણવાડી આવે છે.

7. મારા કરેવા પ્રમાણે ખારી વાવ અમારા અને ઘરનું છેટો(અંતર) ૧૦૦ મીટર છે. મને મીટરમાં કે ફુટમાં કાંઈ ખબર પડતી નથી. મીટર મેં પોતે જ જણાવેલ છે.

8. એ વાત ખરી નથી કે ખારી વાવમાં હું પાણી ભરતી હોઉં તો બનાવ વાળી જગ્યા આશરે ૧૨૦૦ થી ૧૫૦૦ ફુટના અંતરે આવેલ છે.

9. એ વાત ખરી છે કે બનાવ વખતે હું ખારી વાવ પર પાણી ભરતી હતી તે વાત નકકી છે. એ વાત ખરી નથી કે મારા માથા પર પાણીનો બેડો હતો અને હાથમાં

પાણીની ગાગર હતી. એ વાત ખરી નથી કે ખારી વાવથી મારા ઘરે આવતા મને ૧૫ થી ૨૦ મીનીટ લાગેલી.

**10.** એ વાત ખરી છે કે હું જે મકાનમાં રહું છું તે જ મકાનની બાજુમાં મારા પતિના સગા મામા નામે જુણસ ઈબ્રાહીી વીસા સમા ત્યાં જ રહે છે. એ વાત ખરી છે કે આ જુણસ સમાની સગી બહેન મારા સસરાને આપેલ છે. એ વાત ખરી છે કે આ જુણસભાઈની સગી બહેન કેસાંબાઈ જે મારી સગી સાસુ થાય છે. એ વાત ખરી છે કે મારા સાસુ–સસરા અમારી સાથે રહે છે. એ વાત ખરી છે કે જુણસ ઈબ્રાહીમની ઘરવાળીનું નામ અજીમતબાઈ છે જે મારા પતિના સગા મામી થાય છે. મને ખબર નથી કે તેના કેટલા છોકરા છે. એ વાત ખરી નથી કે અમારી બાજુમાં અબ્દુલા જુણસ પોતાના પરીવાર સાથે રહે છે. હું તેને ઓળખું છું. એ વાત ખરી છે કે તેના બીજા દીકરાનું નામ રહેમતુલ્લા જુણસ છે અને તે તેના સાસરા સાથે દુર રહે છે. એ વાત ખરી છે કે સલીમ જુણસ ત્રીજો દીકરો થાય છે તે તેના બાપ જુણસ ઈબ્રાહીમ સાથે રહે છે. એ વાત ખરી છે કે જુણસ ઈબ્રાહીમ સમા તથા અજીમબાઈ જુણસ સમાના ઘર અમારી લગોલગ આવેલ છે.

**11.** એ વાતની મને ખબર નથી કે જુણસ ઈબ્રાહીમ સમા અમારી બાજુમાં મકાન બનાવતા હતા અને તેનું કામ ભાણજીભાઈ તથા તેની સાથે બેથી ત્રણ માણસો કામ કરતા હતા.

**12.** એ વાત ખરી નથી કે મે તળાવ ઉપર ખારી વાવમાં અવાજ સાંભળેલો તેના પહેલા નજીકમાં આવેલ ઘરવાળા જુણસભાઈ અને તેના પરીવાર વાળાઓએ પહેલો અવાજ સાંભળેલો. મારું કહેવું એમ છે કે હું તળાવ પરથી બનાવવાળી જગ્યાએ સૌથી પહેલા પહોંચેલ. એ વાત ખરી નથી કે મારાથી

---
**સાહેદની સહી**

પહેલા આજુબાજુ ફળીયામાંથી જુણસભાઈ, તેની ઘરવાળી અજીમતબાઈ અને બીજા આઠથી દસ માણસો આજુબાજુ વાળા પહોંચી આવેલા. મારા સસરા બનાવ જોયેલ નથી કારણ કે તેઓ આંખે દેખતા નથી. એ વાત ખરી છે કે મારી સાસુ કેસાંબાઈએ આવો કોઈ બનાવ નજરે જોયેલ નથી.

**13.** હું અમીન કાસમ અજા સમાને ઓળખતી નથી. એવું બનેલ નથી કે મારા દીકરાને છકડામાં બનાવવાળી જગ્યાએથી છકડામાં ખાવડા સરકારી હોસ્પિટલ લઈ ગયેલ ત્યારે અમીન કાસમ સમા અમારી સાથે ચાલેલ.

**14.** હું સાધક હારુન ગફુર સમાને ઓળખુ છું તે મારી કુટુંબી માસીનો દીકરો ભાઈ થાય છે. એ વાત ખરી છે કે સાધકભાઈના પત્નિનું નામ હું જાણું છું તેનું નામ અસમાબાઈ છે. એ વાત ખરી નથી કે અસમાબાઈ અમીન કાસમ સમાની સગી બહેન થાય છે. એ વાત ખરી નથી કે સાધક અને અમીન સગા સાળા–બનેવી થાય છે.

**15.** આ કામના સાહેદ કયુમ હારુન અજા સમાને હું ઓળખું છું. એ વાત ખરી નથી કે અમીન કાસમ અજા સમા અને કયુમ હારુન અજા સમા સગા કાકાઈ ભાઈઓ થાય છે. એ વાત ખરી છે કે આ કામના સાહેદ અબ્દુલ કરીમ ઓસમાણ સમાને ઓળખું છું તે અમારો ફળીયા વાળો છે અને અમારો કાકાઈ ભાઈ થતો નથી. એ વાત ખરી નથી કે મુસ્તાક જાનમામદ સમા અમારા સબંધી થાય છે.

**16.** આ બનાવ બપોરે જયારે બનેલ ત્યારે એકાદ કલાક બાદ હું તથા ઈજા પામનાર મારો દીકરો અને અમારા સગા સબંધી ખાવડા હોસ્પિટલ પહોંચી ગયેલા. હું મારા દીકરા સાથે ખાવડા હોસિપટલમાં રોકાયેલ ત્યારે પોલીસ મને મળેલ નહીં. હું બનાવની જાણ કરવા માટે તે જ દીવસે ખાવડા પોલીસ

પાસે ગયેલ. મેં આ બનાવ બાબતે તે જ દીવસે ખાવડા પોલીસને જાણ કરેલ. મારી પોલીસે કોઈ સહી કે અંગુઠો લીધેલ નહી. એ વાત ખરી નથી કે તે દીવસ ે સાધકે કોઈ ફરીયાદ કરેલ જ નથી.

17. એ વાત ખરી છે કે જે દીવસે બનાવ બનેલો તે જ દીવસે મેં પોલીસને બનાવની જાણ કરેલી. પોલીસે તે જ દીવસે વિગતો લખેલી. આ બનાવ બારામાં મેં ખાવડાના ડોકટરને પણ જાણ કરેલી. ડોકટરે પણ મારો કોઈ અંગુઠો લીધેલ નથી. એ વાત ખરી છે કે બનાવ તા. ૨૪.૦૫.૨૩ ના બનેલો. એ વાત ખરી નથી કે તા. ૨૪.૦૫.૨૩ ના રોજ પોલીસે મારો કોઈ જવાબ લખેલ નથી કે મેં કોઈ અંગુઠો પણ કરેલ નથી. એ વાત ખરી નથી કે તા. ૨૪.૦૫.૨૩ ના મેં પોલીસમાં કોઈ પણ હકીકત બનાવ બારામાં જણાવેલ જ નથી. એ વાત ખરી નથી કે તા. ૨૪.૦૫.૨૩ ના મેં પોલીસને બનાવની હકીકત જણાવ્યાની હકીકત સોગંદ પર ખોટું જણાવું છું. એ વાત ખરી નથી કે તા. ૨૪.૦૫.૨૩ ના આરોપીઓ પૈકી કોઈ પણ આરોપીએ મારા દીકરા સોહેબ પર છરી વડે હુમલો કરેલ હોય અને બીજાએ પકડેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. એ વાત ખરી નથી કે તા. ૨૪.૦૫.૨૩ ના મેં ખાવડા પોલીસ પાસે મેં હાલના બનાવની કોઈ વાત કરેલ નથી.

18. મને ખાવડામાં પોલીસ તા. ૨૪.૦૫.૨૩ ના રોજ બપોરના આશરે બે વાગ્યે મળેલી. મને પોલીસ મારા ઘરે મળેલી. તે જ દીવસે પોલીસ ે મારી પોલીસે કોમ્પ્યુટરમાં લખેલી તેમજ આ લખાણમાં મારો કોઈ અગુઠો લીધેલ નહીં.

19. મને મુદામાલ આર્ટી. ૧૧ વાળી છરી જે મેં સરતપાસમાં જોયેલી તે મને બીજા દીવસે મારા ઘરે લઈ આવેલી ત્યારે બતાવેલી. આ છરી જયારે લઈ

આવેલ ત્યારે લોહીના ડાઘ હતા. એ છરી પર કોઈ મ્યાન આવેલ ન હતો. આ છરી મને બતાવેલ તેનો કોઈ પંચનામું પોલીસે કરેલ નહીં. મને જયારે છરી બતાવેલ ત્યારે તે છરી મેં ઓળખી બતાવેલી. મને જયારે છરી બતાવેલ ત્યારે બનાવના બીજા દીવસે સમય બપોરના બે વાગ્યાનો હતો. આજે મેં જે છરી જોયેલ તેના પર જે કાપડની બેગી હતી તે પણ મેં જોયેલી. તે બેગી પર કાપલી પણ લગાડેલ હતી. એ વાત ખરી નથી કે છરીને આજરોજ સરતપાસમાં ખોટી રીતે ઓળખી બતાવેલ છે. એ વાત ખરી નથી કે છરી બનાવમાં વપરાયેલ જ નથી.

20. એ વાત ખરી છે કે આજરોજ મેં જે આરોપીઓના કપડા ઓળખી બતાવેલ છે તે કપડા ઓળખ સબંધેનો મારી હાજરીમાં પોલીસે કોઈ પંચનામું કરેલ નથી કે પંચોની હાજરીમાં મેં ઓળખી બતાવેલ નથી.

21. એ વાત ખરી છે કે આજરોજ મેં જે મારા મરણ જનાર મારા દીકરાના કપડા ઓળખી બતાવેલ છે તે કપડા ઓળખ સબંધેનો મારી હાજરીમાં પોલીસે કોઈ પંચનામું કરેલ નથી કે પંચોની હાજરીમાં મેં ઓળખી બતાવેલ નથી.

22. એ વાત ખરી નથી કે મેં આવો કોઈ બનાવ નજરે જોયેલ જ નથી. એવાત ખરી નથી કે મારી હાજરીમાં મારા દીકરાની કોઈ આરોપીઓએ છરી વડે ઈજાઓ કરેલ નથી કે પકી રાખેલ નથી. એ વાત ખરી નથી કે પાછળથી મને ખોટી રીતે આ કેસમાં સાહેદ તરીકે ઉભા કરવામાં આવેલ છે. એ વાત ખરી નથી કે સરતપાસમાં જણાવેલ વિગતે આરોપીઓ દવારા કોઈ પણ હુમલો કોઈ પણ રીતેમારા દીકરા પર કરવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે અલ્તાફે મારા દીકરાને છરી મારેલ નથી કે અસલમે મારા દીકરાને પકડી રાખેલ નથી. એ વાત ખરી નથી કે હું બનાવ સબંધે કશું જાણતી નથી અને પાછળથી ઈરાદાપુર્વક

ખોટી જુબાની આરોપીઓ વિરુધ્ધ આપું છું. એ વાત ખરી નથી કે બનાવમાં મુદામાલ આર્ટી. ૧૧ વાળી કોઈ રી વપરાયેલ નથી તેમ છતાં તે બનાવમાં વપરાયેલ તરીકે ખોટી રીતે ઓળખી બતાવેલ છે. એ વાત ખરી નથી કે સોગંદ પર ખોટી જુબાની આપું છું.

**ઉ. ત. પુરી.**
**ફેરતપાસ નથી.**

**નોંધ: સદર સાહેદ ગુજરાતી ભાષા જાણતા ન હોઈ , તેઓને કચ્છી ભાષામાં સવાલો પુછવામાં આવેલ અને તેમણે આપેલા જવાબોનું ભાષાંતર ગુજરાતી ભાષામાં લખાયેલ છે. વીથ પ્રોસીકયુશન વિ.વ.શ્રી વી.જ.ચૌધરી ઉલટ તપાસમાં હાજર રહેલા છે અને તેઓ કચ્છી ભાષા જાણતા હોય યોગ્ય ભાષાંતર લખાયેલ છે તેની ખાતરી આપે છે.**

ભુજ–કચ્છ.
તારીખ : ૦૭/૦૩/૨૦૨૫

**સાહેદ, એ.પી.પી.શ્રી, બચાવપક્ષના વિ.વ.શ્રી મોનીટર ઉપર જુબાની વાંચી શકે છે. તેથી તેઓની એપ્રુવ કરેલ જુબાનીની પ્રિન્ટ કરી કેસમાં મુકેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૭/૨૦૧૯ ના રોજ નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબ સુરત મારફત સુચના મળેલ છે કે દરેક સાહેદની જુબાનીઓમાં સાહેદની સહી લેવી. તેથી સાહેદે આપેલ જુબાની તેણે આપ્યા મુજબ નોંધાયેલ છે તે કબુલ રાખ્યા મુજબની તેની સહી લેવામાં આવેલ છે.**

મારી રૂબરૂ

આઠમા અધિક સેશન્સ જજ

ભુજ–કચ્છ.

---

**સાહેદની સહી**